રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯,૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨-૦૧-૨૦૧૮

ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૧૨૦૧૮-ક

વંચાણે લીધો:- રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૨૨૦૧૨-ક તા.૦૮-૦૨-૨૦૧૨

## સુધારા આદેશ :-

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ ડ તથા ૨૪૩ વક તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ચૂંટણી કરવા બાબત)નિયમો,૧૯૯૪ ના નિયમ-૧૫ ,ગુજરાત નગરપાલિકા (ચૂંટણી કરવા બાબત) નિયમો,૧૯૯૪ના નિયમ-૧૫ અને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો,૧૯૯૪ના નિયમ-૧૧ જોગવાઈ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકાર અન્વયે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષના ઉમેદવાર ગણવા તથા હરીફ ઉમેદવારોને પ્રતીક ફાળવવા ઉપરોક્ત નિયમોની જોગવાઈઓના હેતુ બર લાવવા રાજય ચૂંટણી આયોગે ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે ચૂંટણી પ્રતીકો (અનામત રાખવા તથા ફાળવણી કરવા બાબત) અંગેનો સંદર્ભમાં દર્શાવેલ આદેશ કરેલ છે.

ઉપર્યુકત આદેશના પેરા ૧૬ ની ૮ મી લાઈનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકાની ચૂંટણીમાં "એક વોર્ડમાં ત્રણ સભ્યો માટે ચૂંટણી કરવામાં આવે ત્યારે " તે શબ્દોને બદલે " એક વોર્ડમાં ચાર સભ્યો માટે ચૂંટણી કરવામાં આવે ત્યારે" તે મુજબના શબ્દો વાંચવા આથી સુધારો કરવામાં આવે છે.આયોગના તા.૮-૨-૨૦૧૨નાઆદેશની અન્ય વિગતો યથાવત રહેશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

(મહેશ જોશી)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

**પ્રતિ,**
-જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ
-શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી (સંબંધિત)
-જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેકટરશ્રી તમામ
-જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
-નિવાસી અધિક કલેકટરશ્રી/પ્રાંત અધિકારીશ્રી/મામલતદારશ્રી તમામ (કલેકટરશ્રી મારફતે)
-નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ (જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
-તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
**નકલ રવાના:-**
-મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય,સચિવાલય,ગાંધીનગર

—અગ્ર સચિવશ્રી સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
—અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
—અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
—વિકાસ કમિશ્નરશ્રી ,ગુજરાત રાજય,ગાંધીનગર
—સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ/ તાલુકા/જિલ્લા પંચાયત,મહાનગરપાલિકા/નગરપાલિકા(કલેકટરશ્રી મારફતે)
—વ્યવસ્થાપકશ્રી સરકારી મધ્યસ્થ પ્રેસ,ગાંધીનગર

આ આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ—૪ સી માં તાતકાલિક પ્રસિઘ્ઘ કરી ગેઝેટની૧૦ નકલો આ કાર્યાલયને તથા ૫—૫ નકલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા ૫—૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને અને કલેકટરશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી સહ.

—રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વેરાજકીય પક્ષો
— સંયુકત કમિશ્નરશ્રી/સંયુકત સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
—નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી/મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
—કાયદા અધિકારીશ્રી,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
—રાજય ચૂંટણી આયોગની સર્વે શાખાઓ
—માન.કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
—સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર